# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 30-05-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

*****************************************************

1. મ્યાનમારના રાષ્ટ્રપતિ યુ મીન આંગ હ્લેઇંગ આજે ભારતની પાંચ દિવસની મુલાકાત માટે બોધ ગયા પહોંચ્યા.
2. કર્ણાટકના નવા મુખ્યમંત્રીની પસંદગી માટે આજે કોંગ્રેસ વિધાનસભા પક્ષની બેઠક.
3. રાજૌરીમાં આઠમા દિવસે પણ આતંકવાદી શોધ અભિયાન યથાવત.
4. ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણ લશ્કરી સેવામાંથી નિવૃત્ત થયા.
5. યુએસ સંરક્ષણ સચિવ પીટ હેગસેથે કહ્યું કે, જો કરાર નિષ્ફળ જશે તો વોશિંગ્ટન ઈરાન સામે લશ્કરી કાર્યવાહી ફરી શરૂ કરવા માટે તૈયાર.
6. મહિલા ક્રિકેટમાં આજે ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે બ્રિસ્ટલમાં બીજી ટી20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચ રમાશે.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને ૩૦ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# FUR REV DAY MYANMAR PREZ-VISIT

મ્યાનમારના રાષ્ટ્રપતિ યુ મીન આંગ હ્લેઇંગ આજે ભારતની પાંચ દિવસની મુલાકાતના ભાગ રૂપે બોધ ગયા પહોંચ્યા. આ મુલાકાત દરમિયાન તેમણે વિશ્વ વિખ્યાત મહાબોધિ મંદિર અને ઐતિહાસિક સુજાતા મંદિરમાં પ્રાર્થના કરી. રાષ્ટ્રપતિ બોધ ગયામાં વિવિધ મ્યાનમાર બૌદ્ધ મઠોની મુલાકાત લેશે.

આ અગાઉ, બિહારના કૃષિ મંત્રી વિજય કુમાર સિંહાએ ગયા એરપોર્ટ પર રાષ્ટ્રપતિ યુ મીન આંગ હ્લેઇંગનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું. તેમની સાથે વરિષ્ઠ અધિકારીઓ અને બૌદ્ધ પ્રતિનિધિઓનું ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ પણ હતું.

રાષ્ટ્રપતિ યુ મીન આંગ હ્લેઇંગની મુલાકાતને ભારત અને મ્યાનમાર વચ્ચેના ઐતિહાસિક, સાંસ્કૃતિક અને બૌદ્ધ વારસાના સંબંધોને વધુ મજબૂત બનાવવા તરફ એક મહત્વપૂર્ણ પગલું તરીકે જોવામાં આવી રહ્યું છે. તેઓ પ્રધાનમંત્રી સાથે પણ મુલાકાત લેશે.

(BYTE: RANDIR-JAISWAL)

# PM-GOA STATEHOOD DAY

રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી અને ગૃહમંત્રીએ ગોવાના લોકોને રાજ્ય સ્થાપના દિવસની શુભેચ્છા પાઠવી.

સોશિયલ મીડિયા સંદેશમાં રાષ્ટ્રપતિએ કહ્યું કે, ગોવા માત્ર તેના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા અને ઉત્તમ આતિથ્ય માટે જ નહીં, પરંતુ શિક્ષણ, ટેકનોલોજી, સ્ટાર્ટઅપ્સ અને ટકાઉ વિકાસમાં તેની નોંધપાત્ર પ્રગતિ માટે પણ પ્રખ્યાત છે.

પ્રધાનમંત્રી મોદીએ સોશિયલ મીડિયા સંદેશમાં કહ્યું કે આ રાજ્યની પ્રગતિ અને માન્યતા માટે અથાક મહેનત કરનારા તમામ લોકોને યાદ કરવાનો પ્રસંગ છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે ગોવા સમૃદ્ધ થતું રહેશે અને વિકસિત ભારતના લક્ષ્યમાં મુખ્ય ભૂમિકા ભજવશે.

# VP-GOA STATEHOOD DAY

ગોવાના પણજીમાં આજે કલા અકાદમી  ખાતે 40માં રાજ્ય સ્થાપના દિવસની ઉજવણી કરી.

આ પ્રસંગે સભાને સંબોધતા, ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને ગોવાને એક આદર્શ રાજ્ય તરીકે વર્ણવ્યું જેણે તેની સમૃદ્ધ સંસ્કૃતિ અને વારસાના વિકાસ અને જાળવણી વચ્ચે સફળતાપૂર્વક સંતુલન જાળવી રાખ્યું છે.

# J&K-AMIT SHAH

જમ્મુ અને કાશ્મીરમાં આંતરરાષ્ટ્રીય સરહદની નજીક રહેતા રહેવાસીઓએ સરહદની 15 કિલોમીટરની ત્રિજ્યામાં ગેરકાયદેસર બાંધકામો અને અનધિકૃત પ્રવૃત્તિઓ દૂર કરવાના કેન્દ્ર સરકારના નિર્ણયનું સ્વાગત કર્યું છે. ગૃહમંત્રી અમિત શાહે તાજેતરમાં ઉચ્ચ સ્તરીય સુરક્ષા સમીક્ષા બેઠકમાં આ નિર્ણય લીધો હતો.

અરનિયા, આર.એસ.પુરા અને સુચેતગઢ સહિતના સરહદી વિસ્તારોના રહેવાસીઓએ જણાવ્યું કે, રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો ઉભો કરતી કોઈપણ પ્રવૃત્તિ સામે કડક કાર્યવાહી કરવી જોઈએ. સરહદી વિસ્તારોમાં રહેતા લોકોની સલામતીનું રક્ષણ કરવા માટે આવી પ્રવૃત્તિઓ સામે કડક કાર્યવાહી જરૂરી છે.

તેમણે જણાવ્યું કે આ નિર્ણય સરહદી સુરક્ષાને મજબૂત બનાવવા અને સંવેદનશીલ વિસ્તારોમાં શાંતિ જાળવવા માટેની સરકારની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. તેમણે એવી આશા પણ વ્યક્ત કરી કે આ પગલું અસરકારક રીતે અમલમાં મૂકવામાં આવશે.

# CONGRESS MEETING

કર્ણાટક રાજ્યના આગામી મુખ્યમંત્રીની પસંદગીની પ્રક્રિયાને ઔપચારિક રીતે આગળ વધારવા માટે આજે બેંગલુરુમાં કર્ણાટક કોંગ્રેસ વિધાનસભા પક્ષની એક મહત્વપૂર્ણ બેઠક યોજાશે. વર્તમાન રાજ્ય કોંગ્રેસના પ્રમુખ અને ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી ડી.કે. શિવકુમારને વિધાનસભા પક્ષના નવા નેતા તરીકે ચૂંટવામાં આવે તેવી અપેક્ષા છે.

આ બેઠક આજે સાંજે 4 વાગ્યે વિધાનસભાના ત્રીજા માળે આવેલા કોન્ફરન્સ રૂમમાં યોજાશે. વિધાનસભા પક્ષના સચિવ અલ્લામાપ્રભુ પાટીલે તમામ કોંગ્રેસના ધારાસભ્યોને બેઠકમાં હાજર રહેવા સૂચના આપી છે.

ગઇકાલે કર્ણાટકના રાજ્યપાલ થાવરચંદ ગેહલોતે ભૂતપૂર્વ મુખ્યમંત્રી સિદ્ધારમૈયાનું રાજીનામું સ્વીકાર્યું, અને રાજ્ય મંત્રીમંડળનું વિસર્જન કરવામાં આવ્યું. આ પૃષ્ઠભૂમિમાં, કોંગ્રેસ વિધાનસભા પક્ષની બેઠક બોલાવવામાં આવી છે. સિદ્ધારમૈયા બેઠકની અધ્યક્ષતા કરશે.

કોંગ્રેસના કર્ણાટક પ્રભારી રણદીપ સિંહ સુરજેવાલા અને વિધાનસભા પરિષદમાં ગૃહના નેતા એન.એસ. ભોસરાજુ, ડીકે શિવકુમાર સહિત પાર્ટીના વરિષ્ઠ નેતાઓ અને કોંગ્રેસના તમામ ધારાસભ્યો હાજર રહેશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# CUET UG EXAM

દેશના કેટલાક કેન્દ્ર પર આજે લેવાયેલી સમાન વિશ્વવિદ્યાલય પ્રવેશ પરીક્ષા – અનુસ્નાતક CUET – UG ટેક્નિકલ ખામીના કારણે મોડી શરૂ કરવામાં આવી હતી. રાષ્ટ્રીય પરીક્ષા સંસ્થા – NTAએ સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું, ટીસીએસના જણાવ્યા મુજબ, ટેક્નિકલ સમસ્યાનું નિવારણ કરાયું છે અને કોઈ પણ ઉમેદવારને નુકસાન ન થાય તે રીતે પરીક્ષા સંપૂર્ણ વળતર સમય સાથે લેવામાં આવી રહી છે. સવારના સત્રના ઉમેદવારોને પ્રશ્નપત્ર માટે સંપૂર્ણ સમય અપાઈ રહ્યો છે. જ્યારે બપોરના સત્રની પરીક્ષા ત્રણ વાગ્યાની જગ્યાએ ચાર વાગ્યે શરૂ થશે.

# RAJOURI OPERATION

જમ્મુ અને કાશ્મીરના રાજૌરી જિલ્લાના માંજાકોટ સેક્ટરના ગાઢ જંગલોમાં ભારતીય સેના, જમ્મુ અને કાશ્મીર પોલીસ અને સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (સીઆરપીએફ) દ્વારા હાથ ધરવામાં આવેલ સંયુક્ત આતંકવાદ વિરોધી અભિયાન આજે આઠમા દિવસે પણ ચાલી રહ્યું છે. સુરક્ષા દળો વિસ્તારમાં છુપાયેલા શંકાસ્પદ આતંકવાદીઓને શોધવા માટે સતત શોધખોળ કરી રહ્યા છે.

'ઓપરેશન શેરુવાલી' નામનું આ ઓપરેશન સેના, જમ્મુ અને કાશ્મીર પોલીસ અને સીઆરપીએફ દ્વારા સંયુક્ત રીતે ચલાવવામાં આવી રહ્યું છે. આ વિસ્તારમાં શંકાસ્પદ આતંકવાદીઓની હાજરીની ગુપ્ત માહિતી મળ્યા બાદ આ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, સુરક્ષા કર્મચારીઓએ ગાઢ જંગલોની આસપાસ કડક ઘેરાબંધી કરી છે અને મુશ્કેલ વિસ્તારોમાં સઘન શોધખોળ કરી રહ્યા છે. અધિકારીઓએ જણાવ્યું કે, જ્યાં સુધી વિસ્તાર સંપૂર્ણપણે સુરક્ષિત ન થાય અને તમામ સુરક્ષા ચિંતાઓનો ઉકેલ ન આવે ત્યાં સુધી શોધ અભિયાન ચાલુ રહેશે.

# CDS ANIL CHAUHAN

ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણે આજે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક ખાતે ઔપચારિક રીતે ટ્રાઇ-સર્વિસિસ ગાર્ડ ઓફ ઓનર સાથે લશ્કરી સેવામાંથી નિવૃત્ત થયા. આ સમારોહ દેશના ટોચના લશ્કરી અધિકારી તરીકેના તેમના પ્રતિષ્ઠિત કાર્યકાળ તરીકે ઉજવવામાં આવ્યો હતો.

યુદ્ધ સ્મારક પર પુષ્પાંજલિ અર્પણ કર્યા પછી, જનરલ ચૌહાણે કહ્યું કે, ટ્રાઇ-સર્વિસિસ ગાર્ડ ઓફ ઓનર સાથે નિવૃત્ત થવું તેમના માટે ખૂબ જ સન્માનની વાત છે. ચાર દાયકાથી વધુ સેવા આપનારા જનરલ ચૌહાણે તેમના કાર્યકાળને સંતોષકારક અને ઉત્તમ ગણાવ્યો.

(BYTE: ANIL-CHAUHAN-ARMY)

# PUNE-OPERATION SINDOOR

ભારતીય સેનાના વડા જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ કહ્યું, ભારતીય સશસ્ત્ર દળો ઉચ્ચ ઓપરેશનલ એલર્ટ પર છે અને જો સૈન્ય કાર્યવાહીની વધુ જરૂર પડે તો ઓપરેશન સિંદૂર 2.0 માટે તૈયાર છે.

પુણેના ખડકવાસલામાં રાષ્ટ્રીય સંરક્ષણ અકાદમી ખાતે 150મા અભ્યાસક્રમની પાસિંગ આઉટ પરેડને સંબોધતા, જનરલ દ્વિવેદીએ જણાવ્યું કે ઓપરેશન સિંદૂરએ સચોટ અને સંકલ્પ સાથે જવાબ આપવાની ભારતની ક્ષમતા દર્શાવી છે, જે ઉભરતા સુરક્ષા પડકારોનો સામનો કરવા દેશના પ્રતિભાવ માટે એક માપદંડ સ્થાપિત કરે છે.

જનરલ દ્વિવેદીએ કહ્યું કે ઓપરેશન સિંદૂર રાષ્ટ્રના સંકલ્પને પ્રતિબિંબિત કરે છે અને સશસ્ત્ર દળો વચ્ચે તાલમેલના મહત્વ પર ભાર મૂકે છે. તેમણે સ્નાતક થયેલા કેડેટ્સને વ્યાવસાયીકરણ, નેતૃત્વ અને રાષ્ટ્ર પ્રત્યે સેવાના ઉચ્ચતમ ધોરણોને જાળવી રાખવા અપીલ કરી.

શ્રી દ્વિવેદીએ વિકસતા સુરક્ષા વાતાવરણમાં સતત શીખવાની, અને સકારાત્મક દૃષ્ટિકોણની જરૂરિયાત પર ભાર મૂક્યો. તેમણે કહ્યું કે અસરકારક નેતૃત્વ જવાનોની  વિશ્વાસ અને આત્મવિશ્વાસ પર બનેલું છે.

જનરલ દ્વિવેદીએ કોર્ષમાંથી પાસ થઈ રહેલી મહિલા કેડેટ્સના પ્રદર્શનની પણ પ્રશંસા કરી.

# HEGSETH- IRAN

યુએસ સંરક્ષણ સચિવ પીટ હેગસેથે કહ્યું કે જો કરાર નિષ્ફળ જશે તો વોશિંગ્ટન ઈરાન સામે લશ્કરી કાર્યવાહી ફરી શરૂ કરવા માટે તૈયાર છે. એશિયાના મુખ્ય સુરક્ષા મંચ, શાંગરી-લા ડાયલોગને સંબોધતા, શ્રી હેગસેથે કહ્યું કે જો જરૂર પડે તો અમેરિકા પાસે આ પ્રદેશ અને વિશ્વભરમાં આવા ઓપરેશન હાથ ધરવા માટે પૂરતો લશ્કરી ભંડાર છે. તેમણે કહ્યું કે દેશ કોઈપણ આકસ્મિક પરિસ્થિતિનો જવાબ આપવા માટે સજ્જ છે.

યુ.એસ. સંરક્ષણ સચિવે એમ પણ ભારપૂર્વક જણાવ્યું કે ઇરાન સાથેના સંઘર્ષમાં સામેલ હોવા છતાં વોશિંગ્ટન એશિયા-પેસિફિક ક્ષેત્ર પ્રત્યે નિશ્ચિતપણે પ્રતિબદ્ધ છે. તેમણે કહ્યું કે અમેરિકાએ તેનું વ્યૂહાત્મક ધ્યાન ઇન્ડો-પેસિફિકથી દૂર ખસેડ્યું નથી.

# REV NFHS-MATERNAL HEALTH

આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે રાષ્ટ્રીય કુટુંબ આરોગ્ય સર્વે - 6 જાહેર કર્યો છે, જે માહિતી ભારતમાં માતા અને બાળ સ્વાસ્થ્ય, પોષણ અને નાણાકીય સુરક્ષામાં ઝડપી પ્રગતિ દર્શાવે છે. 2023-24 દરમિયાનના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા હાથ ધરવામાં આવેલા સર્વેમાં 715 જિલ્લાઓમાં 6.79 લાખ ઘરોને આવરી લેવાયા હતા.

ગઈકાલે જાહેર કરાયેલા સર્વે મુજબ, ભારતમાં સંસ્થાકીય પ્રસૂતિ 2019-2021 માં 88.6 ટકાથી વધીને 2023-24 માં 90.6 ટકા થઈ ગઈ છે. જે અંતર્ગત 95.9 ટકા સગર્ભા સ્ત્રીઓએ પ્રસૂતિ પહેલાની સંભાળ મેળવી હતી, જ્યારે પ્રથમ ત્રિમાસિક ગાળામાં પ્રસૂતિ પહેલાની સંભાળ મેળવતી માતાઓની ટકાવારી 70 ટકાથી વધીને 76.2 થઈ હતી.

સર્વેમાં જણાવાયું કે, ભારતનો કુલ પ્રજનન દર બે ટકા છે અને 12 થી 23 મહિનાની ઉંમરના બાળકો દ્વારા લેવામાં આવતી રસીઓ 96 ટકાથી ઊંચી રહી છે. આરોગ્ય મંત્રાલયે જણાવ્યું કે આ સુધારાઓ રાષ્ટ્રીય કુટુંબ નિયોજન કાર્યક્રમોના સતત પ્રભાવને રેખાંકિત કરે છે.

સર્વેક્ષણમાં મહિલાઓના ડિજિટલ સમાવેશ અને નાણાકીય સશક્તિકરણમાં સતત પ્રગતિનો પણ રેકોર્ડ છે. તેમાં કહેવામાં આવ્યું કે, જે મહિલાઓએ ક્યારેક ઇન્ટરનેટનો ઉપયોગ કર્યો હતો તેઓ લગભગ 33.3 ટકાથી બમણા થઈને 64.3 ટકા થયા છે. સર્વેક્ષણમાં કહેવામાં આવ્યું છે કે આયુષ્માન ભારત-પીએમજેએવાય અને વિસ્તૃત આરોગ્ય સુરક્ષા પહેલ આરોગ્ય સંભાળમાં નાણાકીય સુરક્ષાને મજબૂત બનાવે છે. મંત્રાલયે જણાવ્યું હતું કે આ તારણો ટકાઉ વિકાસ લક્ષ્યો પ્રાપ્ત કરવા તરફ ભારતની સતત પ્રગતિને પુષ્ટિ આપે છે.

# WOMEN CRICKET

મહિલા ક્રિકેટમાં આજે ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે બ્રિસ્ટલમાં બીજી ટી-20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચ રમાશે. આ મેચ ભારતીય સમય મુજબ સાંજે 7 વાગ્યે શરૂ થશે.

ગુરુવારે ચેમ્સફોર્ડમાં રમાયેલી પહેલી મેચમાં ભારતે ઇંગ્લેન્ડને 38 રનથી હરાવીને ત્રણ મેચની શ્રેણીમાં 1-0થી લીડ મેળવી હતી. 12 જૂનથી ઇંગ્લેન્ડમાં રમાનારી ICC મહિલા T20 ક્રિકેટ વર્લ્ડ કપ પહેલા આ શ્રેણી મહત્વપૂર્ણ છે.